જળક્રાંતિ-ગૌક્રાંતિ-ગાય આધારીત કૃષિક્રાંતિની જન્મભૂમિ, જામકા



# ગૌ-ધરામૃત પ્લાન્ટ



**બાયો ડાયઝેસ્ટર**








## ગૌ–ધરામૃતના ફાયદા

- ગૌ–ધરામૃતના ઉપયોગથી ધરતી ઝહેર અને રસાયણમુક્ત બને છે.
- પ્રવાહી સ્વરૂપે બનેલુ ધરામૃત જમીનમાં રહેલા મીત્ર બેકટેરીયાનું પ્રમાણ વધારે છે. વધારે સમુહમાં મિત્ર બેકટેરીયાની કામગીરી વધવાથી પાકનાં છોડ મૂડને વધારે પ્રમાણમાં પોષણ આપે છે.
- ગૌ–ધરામૃતના લભ્ય સ્વરૂપથી જમીન તાકાતવાળી અને તંદુરસ્ત બને છે. તેના ઉપયોગથી થતા પાકો તંદુરસ્ત રાખી ઉત્પાદનની ગુણવંત્તામાં સુધારો કરે છે.
- ગૌ–ધરામૃતથી ઉત્પન થયેલા ઉત્પાદનો માનવજીવનને ઝેર મુક્ત બનાવે છે. તેમજ પ્રકૃતિ પર્યાવરણને પ્રદુષણ મુક્ત બનાવે છે.
- ગૌ–ધરામૃત પ્રવાહીથી થતી ખેતીમાં આવતા રોગો જીવાતો માટે તેમજ કુદરતી નિયંત્રણમાં મદદરૂપ થાય છે.
- ગૌ–ધરામૃત પ્રવાહી ખેતરમાં વાપરવાથી જમીનની ખારાસ તોડે છે તેમજ પી.એચ. બેલેન્સ કરે છે જેથી જમીન પોચી અને ભરભરી બનાવે છે.
- ક્ષારીય જમીનમાં સારુ એવુ પરિણામ મળે છે.
- જમીનમાં રહેલા બેકટેરીયા (સુક્ષમ જીવો)અને અળસીયાની વૃદ્ધી થાય છે.
- ગોબર, ગૌમૂત્ર અને ખેતીવાડી માથી ઉત્પાદન લીધા પછી ના વેસ્ટને ગૌ–ધરામૃત પ્રવાહીની મદદથી સારૂએવુ કુદરતી ખાતર બનાવી શકાય છે.



## ગૌ–ધરામૃતના ફાયદા

- ગૌ–ધરામૃત પ્લાન્ટ માથી બનાવેલ પ્રવાહી દ્બારા જમીનમાં કુદરતી કાર્બનની માત્રામાં નોંધપાત્ર વધારો થાય છે.
- ગૌ–ધરામૃત પ્લાન્ટમાં તૈયાર થયેલ પ્રવાહી સ્વરૂપ હોવાથી ગાળવાની જરૂર રહેતી નથી તેમજ ડ્રીપ ઈરીગેશનમાં સહેલાઈથી આપી કશાય છે.
- ગૌ–ધરામૃત માં ભરતી માં આપવાથી પાણીની બચત તેમજ ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે. ઓછી મહેનતે સારૂએવું ઉત્પાદન મળે છે.
- ગૌ–ધરામૃત પ્લાન્ટની ડીઝાઈન ખુબ સસ્તી અને ટકાઉ મટીરીયલ્સ માથી બનાવવામાં આવેલ છે. તેમજ ગૌ–ધરામૃત ના ફીટીંગ્સ પણ ઉચ્ચ ક્વોલીટીના બનેલ હોવાથી આયુશ્ય લાંબુ રહે છે.
- ગૌ–ધરામૃત પ્લાન્ટમાં એક ગાયને આધારે પાંચ એકરમાં સારામાં સારી ખેતી કરી શકાય છે. ખેતી ખર્ચમાં પણ ૨૦ ટકા સુધીનો ઘટાડો થાય છે તેથી ખેતીને નફકારક બનાવી શકાય છે.
- ગૌ–ધરામૃત પ્લાન્ટનું ફીટીંગ તેમજ નટબોલ્ટ સ્ટેન્લેસ સ્ટીલના (૩૦૪)હોવાથી લાંબો સમય ટકી રહે છે. તમામ ફીટીંગ પોતાની જાતે કરી શકાય છે તેવી સરળ ફીટીંગ વ્યવસ્થા છે. જેતી ખર્ચ વધુ થતો નથી.
- ગૌ–ધરામૃત પ્લાન્ટ લગાવો, ખેતી ખર્ચમાં ઘટાડો કરી નફો વધારો...



# સંદેશો

ગાય એક એવો જીવ કુદરતે આણને આપ્યોછે કે જેના ઘી-દુધ માથી માનવ સંસ્કૃતિ, ગોબર, ગૌમૂત્રથી કૃષિ સંસ્કૃતિને આબાદ રાખવાની પરંપરા ભગવાન શ્રી કૃષ્ણ બલરામ થી ચાલતી આવે છે. કૃષીને મહાન બનાવવા માટે ભગવાન શ્રીકૃષ્ણએ પણ ગાય રાખી મોટાભાઈ બલરામે હળ ચલાવી હજારો વર્ષ પહેલા કર્મ ધર્મ નિતી સંદેશા સ્વરૂપે આપી છે.

ભારતીય સંસ્કૃતિ પૂરા વિશ્વમાં મહાન છે. તેમા વસતા લોકો પણ મહાન છે. રાષ્ટ્ર અને કૃષિ ક્ષેત્રે કાર્ય કરતા ખેડુતો-કૃષિકારો કૃષિના ઋષિઓ જેને જગતના તાતનું બીરૂદ મલ્યુ છે. તેવા લોકોથી દેશ અને દેશની કૃષિ વ્યવહાર ચાલે છે. ભારતીય સંસ્કૃતિમાં વારસો પરંપરા એ આખા દેશની ખેતી જીવન શૈલી વ્યવસ્થા સારી રીતે ચાલતી હતી...

કૃષિમાં ઘણાં સંસોધનો કરવા છતા કૃષિ આજે ખૂબ બીમાર, ખર્ચાળ અને બીન ઉપજાવ બનતી જાય છે તેનું મૂળ કારણ કેમીકલ, જંતુનાશકના અતિરેકને કારણે થતો જાય છે. અજ્ઞાનતાને કારણે ખૂબ મોટુ કૃષિ ક્ષેત્રમાં નુકશાન થયુ છે.

હે ભારતમાતાના સપૂતો માનવ જીવન અને તેના મૂલ્યને ઓળખીયે અને રાષ્ટ્ર પ્રેમી અને રાષ્ટ્ર રક્ષક બનીને દેશને અને દેશની જીવ સૂષ્ટિ, પ્રકૃતિ, પરિયાવરણને આબાદ અને સુરક્ષીત બનાવીએ જે મનુષ્ય તરીકે આપણી કુદરતી ફરજ છે. તો સૌ સાથે મળી ગાય, પાણી, જમીન, પ્રકૃતિ પર્યાવરણને સુરક્ષા કાજે સપથ લઈ કે મારા દેશની રક્ષા કરી સયંમ જાગૃત થઈને વિશ્વગુરૂ ભારત માતાને વિશ્વમાં ઉચ્ચ સ્થાન પર કાયમ રાખીએ.

આપણી હજારો વર્ષ પહેલાની પ્રાચીન જીવન શૈલી, કૃષિ પરંપરા, જીવન પરંપરાને યાદ કરીએ   ને તેના મૂલ્યોને સમજીને એ જીવન શૈલી તરફ પાછા વળીએ.

જન જાગૃતિ દ્વારા પરંપરા, વારસો, સંસ્કૃતિ આપણા જીવનમાં લાવી રાષ્ટ્રને મહાન અને મજબૂત બનાવવામાં બળ આપીએ, જીવનને સૂરંક્ષીત રાખીએ, ગાય આધારીત કૃષિ દ્વારા ઝેર અને રસાયણ મૂક્ત ખેતી કરીએ. ઝેર મૂક્ત જીવન જીવીએ. આપણી પે ઢી અને વંશને ઉત્તમ વારસા તરીકે ભેટ આપી કુદરતના જન્મ અને મૃત્યું સુધીની પ્રાકૃતિક સાયકલને બનાવી રાખીએ.

ગુજરાતના મહા મહિમ રાજયપાલશ્રી આચાર્યદેવરતજી તેમજ ભારતનું ગૌરવ એવા નરેન્દ્ર મોદીજી આ દેશની જનતાને ઝેર મુક્ત જીવન અને આહાર મળે તેવા અથાંગ પ્રયાસ કરી રહ્યા છે જેમાં આપણે સો જોડઈને દેશને મહાન બનાવીએ...

ગૌ માતાકી જય - ભારત માતાકી જય - પ્રકૃતિ માતાકી જય

પ્રણામ
પરસોત્તમભાઈ સીદપરા









Gopi Engineering
The way of nature
ISO 9001:2015
ગોપી એન્જીનિયરીંગ
જામકા તા.જી. જૂનાગઢ
પરસોત્તમભાઈ સીદપરા ૯૪૨૭૨ ૨૮૯૭૫
ભાવિન સિદપરા ૯૪૨૯૫ ૫૧૦૦૫
કિશન સિદપરા ૯૬૬૨૧ ૧૬૨૬૬